(૧૫)

**પ્ર.૧ (ક) નીચેના શબ્દોના અર્થ લખો અને તે ક્યા પાઠમાં આવે છે?** **(૩)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. સાગ વિહિં | **શાકની જાત અને વજનની મર્યાદા** | **સાતમા વ્રતમાં** |
| ૨. મુત્તાણં | **પોતે કર્મથી મુક્ત થયેલા** | **સામાયિકના સાતમા પાઠમાં** |
| ૩. પડિગ્ગહ | **પાત્રા** | **બારમા વ્રતમાં** |

**(ખ) માત્ર સંખ્યા લખો.** **(૨)**

૧. કાયાના દોષ – **૧૨** ૨. ગુણવ્રત – **૩** ૩. સામાયિકના અતિચાર – **૫** ૪. આગાર – **૧૨/૧૩**

**(ગ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. પ્રજ્ઞાપના સૂત્રમાં કોનું વર્ણન છે? તેની આગમ શૈલી શું છે? તેના રચયિતા કોણ? અંગ છે કે ઉપાંગ? કાલિક છે કે ઉત્કાલિક? (૨.૫)

**જ. જીવ–અજીવનું વિશિષ્ટ નિરૂપણ, ૨૪ દંડકના જીવોની સ્થિતિ, વિરહ, ગતાગત વગેરે વર્ણન.**
**આગમ શૈલી પદ છે.**
**તેના રચયિતા શ્રી શ્યામાચાર્ય છે.**
**તે ઉપાંગ છે.**
**ઉત્કાલિક.**

૨. ગાથા અને પાઠ ક્યા સૂત્રમાં છે? **(૧.૫×૫)**

**જ. આચારાંગ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર.**

૩. નિરિયાવલિકા સૂત્રમાં શેનું વર્ણન છે? અસમાધિ સ્થાન ક્યા સૂત્રમાં છે?

**જ. નિરિયાવલિકા સૂત્રમાં કુણિક રાજાનો પોતાના ભાઈ હલ–વિહલ સાથે તથા ચેડા રાજા સાથે રથમુસલ સંગ્રામ, યુદ્ધના પરિણામે જીવ નરક આદિ દુર્ગતિમાં ઉપજ્યા તેનું વર્ણન છે.**
**અસમાધિ સ્થાનનું દશાશ્રુતસ્કંધમાં વર્ણન છે.**

૪. નિર્ઘાત એટલે શું? તેની અસજ્ઝાય કેટલા સમયની છે? તે કઈ અસજ્ઝાય છે?

**જ. નિર્ઘાત એટલે વાદળા રહિત કે વાદળા સહિત આકાશમાં ૮ પ્રહર સુધી વ્યંતર દેવ વડે કરાયેલ મહાધ્વનિ, મોટો કડાકો થાય છે. ૮ પ્રહર, આકાશ સંબંધી.**

૫. ચંદ્રગ્રહણ ક્યારે થાય? તેની અસજ્ઝાય શા માટે બતાવી છે?

**જ. ચંદ્રગ્રહણ પૂનમની રાતે થાય. ગ્રહણ સમયે લોકો દાન–પુણ્ય કરે છે, દેવોને અર્ધ્ય ચડાવે છે, તેથી દેવોનું વિશેષ આવાગમન સંભવે છે, તેથી ગ્રહણની અસજ્ઝાય બતાવી છે.**

૬. આયંબિલની ઓળી પૂરી થાય ત્યારે કઈ અસજ્ઝાય હોય છે? તેનો સમાવેશ શેમાં થાય છે?

**જ. ચૈત્ર સુદ પૂનમ અને આસો સુદ પૂનમ. કાળની અસજ્ઝાય.**

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ભગવાન મહાવીરે કર્મબંધના કેટલા અને ક્યા ક્યા કારણ બતાવ્યા છે? **(૩)**

**જ. ત્રણ. ૧. આદાન સ્રોત – બે પ્રકારની ક્રિયાથી કર્મ આવે છે. ઈર્યાપથિકી અને સાંપરાયિક. ૨. અતિપાત સ્રોત – પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન આદિથી કર્મ આવે છે. ૩. યોગ – મન, વચન , કાયારૂપ યોગથી શુભ–અશુભ કર્મનો બંધ થાય છે.**

૨. ભગવાને દીક્ષા પહેલા શું સાધના કરી હતી? **(૨)**

**જ. સચેત પાણીનો ઉપયોગ કર્યો નહોતો. તેઓ એકત્વ ભાવનામાં ઓતપ્રોત થઈ ક્રોધ કષાયને શાંત કરી શાંત ઈન્દ્રિયવાળા બની ગયા હતા. સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરી દીધો હતો.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ઉપપાત અને ગર્ભવ્યુત્ક્રાંતિ એટલે શું?

**જ. ઉપપાત – દેવો શય્યામાં અને નારકીના જીવો કુંભીમાં ઉત્પન્ન થાય છે, તે અંતર્મુહૂર્તમાં પૂર્ણ શરીરનું નિર્માણ કરી લે છે, તેથી તેમના જન્મને ઉપપાત કહે છે. ગર્ભવ્યુત્ક્રાંતિ – માતાના ગર્ભથી જન્મ થાય તે. મનુષ્ય અને તિર્યંચ યોનિમાં.**

૨. કયા તીર્થંકરનો વર્ણ ગૌર અને નીલો છે?

**જ. ગૌર – ચંદ્રપ્રભ સ્વામી અને પુષ્પદંત સ્વામી. નીલો – મુનિસુવ્રત સ્વામી અને અરિષ્ટનેમિ સ્વામી.**

૩. ચારિત્ર ધર્મના પ્રકાર લખો.

**જ. ચારિત્ર ધર્મના પ્રકાર – ૧. આગાર ચારિત્ર ધર્મ – શ્રાવકોના અણુવ્રત આદિ. ૨. અણગાર ચારિત્ર ધર્મ – સાધુઓના મહાવ્રત આદિ.**

૪. પ્રત્યાખ્યાનના પ્રકાર કેટલા અને કયા કયા?

**જ. બે. ૧. કેટલાક લોકો મનથી પ્રત્યાખ્યાન કરે છે. ૨. કેટલાક લોકો વચનથી પ્રત્યાખ્યાન કરે છે. અથવા ૧. કેટલાક લોકો લાંબા કાળના પ્રત્યાખ્યાન કરે છે. ૨. કેટલાક લોકો અલ્પકાળના પ્રત્યાખ્યાન કરે છે.**

૫. એક હાથની અવગાહના કોની છે? જંબૂદ્વીપમાં કેટલા ચંદ્ર–સૂર્ય છે? કયા ચક્રવર્તી કઈ નરકમાં ગયા છે?

**જ. એક હાથની અવગાહના અનુત્તર વિમાનના દેવોની છે. જંબૂદ્વીપમાં બે ચંદ્ર – બે સૂર્ય છે. સુભૂમ ચક્રવર્તી અને બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતમી નરકના અપ્રતિષ્ઠાન નરકાવાસમાં ગયા છે.**

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ઉજ્ઝિકા અને રોહિણીને કયું કામ સોંપવામાં આવ્યું? (૪)

**જ. ઉજ્ઝિકાને ઘરની રાખ ફેંકનારી, વાસીદું વાળનારી, કચરો કાઢનારી, ફળિયામાં પાણી છાંટનારી, સાવરણી થી ઘરને વાળીને સાફ કરનારી, પગ ધોવા માટે કે સ્નાન માટે પાણી દેનારી અને સંદેશવાહક દાસીના રૂપમાં નિયુક્ત કરી.**

**રોહિણીને કુટુંબના અનેક કાર્યોમાં, રહસ્યોમાં સલાહ લેવા યોગ્ય અને ઘરની અધિષ્ઠાત્રી/સંચાલક અને સર્વેસર્વારૂપ નિયુક્ત કરી.**

૨. ધન્ય સાર્થવાહના પુત્રો તથા પુત્રવધૂઓના નામ લખો. (૨)

**જ. ધનપાલ – ઉજ્ઝિકા, ધનદેવ – ભોગવતી, ધનગોપ – રક્ષિકા, ધનરક્ષિત – રોહિણી.**

૩. પૂનમ કરતા એકમનો ચંદ્ર કઈ બાબતમાં હીન હોય છે? કયા સૂત્રનો અધિકાર છે? અંગ છે કે ઉપાંગ?(૪)

**જ. વર્ણ, સૌમ્યતા, સ્નિગ્ધતા, કાંતિ, દીપ્તિ, દ્યુતિ, છાયા, પ્રભા, ઓજસ્, લેશ્યા અને મંડલની અપેક્ષા હીન હોય છે. જ્ઞાતાધર્મકથા સૂત્ર અધ્યયન – દશ. અંગ છે.**

(૧૫)

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. આનંદ ગાથાપતિએ ગૌતમ સ્વામીને અવધિજ્ઞાન બાબત વાત કરી તો ગૌતમ સ્વામીએ શું કહ્યું?

**જ. આનંદ ! ગૃહસ્થને અવધિજ્ઞાન થાય છે, પરંતુ એટલું મોટું હોતું નથી, માટે આનંદ આપ મૃષાવાદરૂપ એ વિષયની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા કરો અને પ્રાયશ્ચિત્ત લઈ પુનઃ શુદ્ધ અંતઃસ્થિતિમાં પાછા ફરો.**

૨. આનંદ ગાથાપતિએ ઘી અને શાકની મર્યાદા કેવી રીતે કરી?

**જ. એક શરદ ઋતુના ગાયના સારભૂત ઘી સિવાય બાકીના બધા ઘીનો ત્યાગ કર્યો.**
**બથવાની ભાજી, સુવા, પાલક, ભીંડો અને દૂધી સિવાયના બધા શાકનો ત્યાગ કર્યો.**

૩. કોલ્લાક સન્નિવેશનું વર્ણન કરો.

**જ. કોલ્લાક સન્નિવેશ વૈભવશાળી, નિરુપદ્રવી અને સમૃદ્ધ હતું. ચિત્તને પ્રસન્ન કરનારું, દર્શનીય, અભિરૂપ –**

**આકર્ષક, યોગ્ય ગુણસંપન્ન તેમ જ પ્રતિરૂપ – બહુગુણ સંપન્ન, મનમાં વસી જાય તેવું હતું.**

૪. જિતશત્રુ રાજાએ ભગવાન મહાવીર સ્વામીની વચન, કાયાથી કેવી રીતે પર્યુપાસના કરી?

**જ. કાયિક પર્યુપાસનારૂપે હાથ–પગને સંકુચિત કર્યા. વાચિક પર્યુપાસનારૂપે ભગવાન જે બોલતા એને આ જ તથ્ય છે, હે ભગવન્ ! આ સત્ય છે, આ સંદેહ રહિત છે, આ જ ઈચ્છિત છે, આ જ સ્વીકૃત છે.**

૫. ઉપાશક દશાંગ સૂત્રના કેટલા અધ્યયન છે? કયા કયા?

**જ. ૧૦ અધ્યયન છે. આનંદ, કામદેવ, ચુલનીપિતા, સુરાદેવ, ચુલ્લશતક, કુંડકૌલિક, શકડાલ પુત્ર, મહાશતક, નંદિનીપિતા, શાલિહીપિતા.**

**(બ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. ગૌતમ અણગાર સંયમનું પાલન કેવી રીતે કરતા હતા? પોતાનું સર્વ કામ કેવી રીતે કરતા હતા? (૨×૨)

**જ. ઈરિયા સમિતિ, ભાષા સમિતિ આદિ નિર્ગ્રંથ પ્રવચનને આગળ રાખીને ભગવાને કહેલ વચન પ્રમાણે સંયમનું પાલન કરતા હતા. નિર્ગ્રંથ પ્રવચનની આંખ દ્વારા સર્વ કામ કરતા હતા.**

૨. માત્ર સંખ્યા લખો.

શૂરવીર – **૬૦ હજાર**, બળવર્ગ – **૫૬ હજાર**, કાર્યકુશળ – **૨૧ હજાર**, દશાર્હ – **૧૦.**

૩. ગુણરત્ન સંવત્સર તપ કેટલા દિવસનું છે? તેમાં તપના દિવસો અને પારણાના દિવસો કેટલા? (૧)

**જ. ૪૮૦ દિવસ. તપના દિવસો – ૪૦૭, પારણાના દિવસો – ૭૩.**

(૫)

**પ્ર.૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. જાલિ કુમાર વર્તમાને ક્યાં છે? ત્યાં તેમનું આયુષ્ય કેટલું છે? તેમનું ભવિષ્ય શું છે? (૨×૨)

**જ. વિજય નામના અનુત્તર દેવમાં. ત્યાં તેમનું આયુષ્ય ૩૨ સાગરોપમનું છે. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધિ પ્રાપ્ત કરશે.**

૨. જાલિ કુમારના માતા–પિતા–નગરીનું નામ લખો. માતાએ સ્વપ્નમાં શું જોયું?

**જ. માતા – ધારિણી દેવી, પિતા – શ્રેણિક રાજા, નગરી – રાજગૃહી, સ્વપ્ન – સિંહ.**

૩. જાલિ અણગારે કેટલો અભ્યાસ કર્યો? કેટલા વર્ષ સંયમનું પાલન કર્યું? (૧)

**જ. ૧૧ અંગ સૂત્રોનો. ૧૬ વર્ષ**

(૧૫)

**પ્ર.૭ દશવૈકાલિક તથા પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.**

૧. એમે એ ...... **પાના નં. ૭૨ ગાથા ૩** ૨. એવં કરેંતિ ...... **પાના નં. ૭૭ ગાથા ૧૧**

૩. ખવિત્તા ...... **પાના નં. ૮૧ ગાથા ૧૫** ૪. સયં ....... **પાના નં. ૮૫ ગાથા ૧૦**

૫. રુકખેસુ ....... **પાના નં. ૮૯ ગાથા ૧૮**

(૧૦)

**પ્ર.૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ સર્વ પ્રથમ કયો આહાર કરે છે? (૨×૩)

**જ. માતાના લોહી અને પિતાના વીર્યનો સર્વ પ્રથમ આહાર લે છે. પછી માતા જેવો આહાર કરે છે, તેનો એક દેશ આહાર ગર્ભમાં રહેલો જીવ પણ કરે છે કારણ કે માતાની નાડીનો ગર્ભસ્થ જીવ સાથે સંબંધ છે.**

૨. માતા–પિતાનો અંશ ક્યાં સુધી રહે છે?

**જ. જીવનું ભવધારિણીય શરીર રહે છે ત્યાં સુધી માતા–પિતાનો અંશ રહે છે, પરંતુ સમય સમય પર ક્ષીણ થતું જાય છે યાવત્ આયુષ્ય સમાપ્ત થવા પર માતા–પિતાનો કોઈ ને કોઈ અંશ રહે છે.**

૩. અશુભ કર્મના ઉદયથી જીવ કેવું જીવન વ્યતીત કરે છે?

**જ. દુ:વર્ણ, દુર્ગંધ, દુ:રસ, દુ:સ્પર્શવાળો, અનિષ્ટ કાંતિ, અમનોજ્ઞ, હીન સ્વર યાવત્ અનાદેય વચનવાળો અને દુ:ખમાં જીવન વ્યતીત કરવાવાળો હોય છે.**

૪. શ્રમણ નિર્ગ્રંથના સુખ કયા સૂત્રના કયા અધ્યયનના આધારે છે? (૧×૪)

**જ. ભગવતી સૂત્ર શતક –૧૪ ઉદ્દેશક – ૯.**

૫. ૮ માસ નિર્મળ સંયમ પાળવાથી કોના સુખ ઉલ્લંઘી જાય છે?

**જ. બ્રહ્મલોક અને લાંતક.**

૬. નાગકુમાર દેવલોકના દેવોના સુખ કોણ ઉલ્લંઘી જાય છે?

**જ. બે માસ નિર્મળ સંયમ પાળવાવાળા સાધુ.**

૭. શ્રમણ નિર્ગ્રંથના સુખ એ ...... કર્મના ...... થી પ્રાપ્ત થતા આત્મિક સુખ છે.

**જ. મોહનીય, વિજય.**

(૧૦)

**પ્ર.૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મનુષ્યનો સંજ્ઞાનો અલ્પબહુત્વ લખો. (૨×૨)

**જ. મનુષ્યમાં સૌથી થોડી ભયસંજ્ઞા, તેથી આહાર સંજ્ઞા સંખ્યાતગુણી, તેથી પરિગ્રહ સંજ્ઞા સંખ્યાતગણી, તેથી મૈથુન સંજ્ઞા સંખ્યાતગણી.**

૨. ક્રોધ સંજ્ઞાનું પહેલું, આહાર સંજ્ઞાનું ચોથું, મૈથુન સંજ્ઞાનું બીજું કારણ લખો. લોક સંજ્ઞા એટલે શું?

**જ. ક્રોધ સંજ્ઞાનું પહેલું – ક્ષેત્ર, આહાર સંજ્ઞાનું ચોથું – આહારની ચિંતવણા કરવાથી, મૈથુન સંજ્ઞાનું બીજું – વેદ મોહ કર્મના ઉદયથી. લોક સંજ્ઞા – અન્ય લોકોને દેખીને પોતે એવું કામ કરવું.**

૩. સંજ્ઞા કયા કર્મના ઉદયથી થાય છે? (૧×૬)

**જ. વેદનીય અને મોહનીય કર્મના ઉદયથી.**

૪. વિમાત્રા એટલે શું? સાગરોપમની સ્થિતિવાળાના શ્વાસ કેવી રીતે લે છે?

**જ. વિમાત્રા – અનિયતકાળ. પક્ષ પ્રમાણે.**

૫. જઘન્ય ૨૦ પખવાડિયે, ઉત્કૃષ્ટ ૨૯ પખવાડિયે, ૧૦૫ દિવસે કોણ શ્વાસ લે?

**જ. અગિયારમું દેવલોક, સાતમી ગ્રૈવેયક, ત્રીજું દેવલોક.**

૬. અર્થ લખો. – અશાતા વેદના – **વેદનીય કર્મના ઉદયે સ્વયં ઉદયમાં આવેલી પ્રતિકૂળ વેદના.**
માનસિક વેદના – **મનમાં થનારી વેદના.**

૭. ભાવ વેદના એટલે શું? ભાવ વેદના કોને હોય?

**જ. મંદ, તીવ્ર રસની વેદના. ૨૪ દંડકના જીવોને.**

૮. વેદનાના કેટલા દ્વાર છે? પહેલા ત્રણ વેદનાના નામ લખો.

**જ. સાત – શીત, દ્રવ્ય, શરીર.**

(૫)

**પ્ર.૧૦ આગમ પરંપરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સાતમા પૂર્વનું નામ, પદ સંખ્યા, વત્થુ, ચુલવત્થુ, શાહી હસ્તિ, વિષય વર્ણન લખો. (૩)

**જ. આત્મા પ્રવાદ પૂર્વ, પદ સંખ્યા – ૨૬ ક્રોડ, વત્થુ – ૧૬, ચુલવત્થુ – ૦, શાહી હસ્તિ – ૬૪ હાથી, વિષય – નય, પ્રમાણ, દર્શન સહિત આત્મસ્વરૂપ.**

૨. આજના યુગની સર્વ પ્રથમ આવશ્યકતા શું છે? (૧)

**જ. આવતી પેઢીને આ જૈન પાઠાવલીના અભ્યાસ માટે જોડે, પ્રેરણા કરે.**

૩. વૈજ્ઞાનિક તો આખરે ...... છે, ...... તો નથી. (૧)

**જ. છદ્મસ્થ, કેવળી.**

**જય – જિનેન્દ્ર**